eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 151
July 11, 2008

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રા. ટી.પી. સ્કીમ નં. ૩૫ (કતારગામ), ફા. પ્લોટ નં. ૮૫, રાજદિપ એપાર્ટમેન્ટની આગળનાં ભાગે, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનું ગૌરવ–સમગ્ર ભારતભરનાં તમામ સેન્ટરોમાંથી લેવાયેલ એલ.એસ.જી.ડી.ની પરિક્ષામાં પ્રથમ ક્રમ

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગર્વમેન્ટ, મુંબઈ દ્વારા સમગ્ર ભારતભરમાં વિવિધ સેન્ટરો ખાતે જાન્યુઆરી –૦૮ દરમ્યાન એલ.એસ.જી.ડી. પરીક્ષા લેવાયેલ હતી. જેમાં સુરત સેન્ટર માંથી સ્મીમેર હલસ્પીટલમાં લેબોરેટરી ટેકનીશીયન તરીકે ફરજ બજાવતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ)ના ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૩૫ (કતારગામ), રે.સ.નં.૪૫/૧,ફા.પ્લોટ નં.૩૫ માં આવેલ ભુમિદર્શન સોસાયટીના સબ પ્લોટ નં.૩૦ માં મંજુર પ્લાન વિરુધ્ધનું ગ્રાઉન્ડ ફલોરનું બાંધકામ અંદાજે ૧૦૦ ચો.ફૂટનું આર.સી.સી. કોલમ તથા સ્લેબનું સેન્ટરીંગ શટરીંગ આજરોજ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના) ની કામગીરી

હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન સાઉથઝોન(ઉધના) ના નાગરિકોને આરોગ્ય વિષયક સેવા પુરી પાડી શકાય તેમજ નાગરિકોને સ્વાસ્થય સંબંધી સારવાર તેમજ તકેદારીનાં વિવિધ પગલાં અસરકારક રીતે અમલમાં મુકી શકાય તે માટે ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.એચ.સી.ભટ્ટ દ્વારા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોન ની ડિમોલીશનની કામગીરી

સુરત શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં નીચે દર્શાવેલ ( મિલ્કતોમાં મંજુર પ્લાન વિરુધ્ધ / પરવાનગી વિગેરેના બાંધકામો અત્રેથી દુર કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન(વરાછા)ની ગેરકાયદેસર બાંધકામ બાબત

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન (વરાછા) માં નવા સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ મોજે સીમાડા બ્લોક નં. ૧૦૨/એ માં આવેલ ક્રિષ્નાપાર્ક સોસાયટી વિ.–રમાં સી.ઓ.પી.માં રહેઠાણના હેતુ માટે બે ગાળાનું આશરે ૯૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ભોયતળિયે આર.સી.સી.,કોલમ લઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્મીમેર હોસ્પિટલની જુન માસની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં જુન માસ દરમ્યાન ૧૧૨૦૧ ઈન્ડોર તથા ૩૯૭૦૫ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૫૯૫ તથા ૪૯૫ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૫૯૯૯ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી. બી. ના નવા ૪૦૭ અને જુના ૪૯૫ દર્દીઓ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા–આરોગ્ય વિભાગની કામગીરી

સુરત શહેર વિસ્તારમાં આવેલ ખાદ્ય પ્રદાર્થોનું ઉત્પાદન કરતી, સંગ્રહ કરતી કે વેચાણ કરતી સંસ્થાઓની અત્રેના ફુડ ઈન્સ્પેકટરો દ્વારા નિયમિત રીતે તપાસ કરવામાં આવે છે અને ખાદ્ય પ્રદાર્થોનાં નમુના લઈ પૃથ્થકરણ સારુ પબ્લીક એનાલીસ્ટશ્રી, સુરત મહાનગરપાલિકાને મોકલી આપવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોનમાં મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ માં આઈ.સી.સી.યુ. વિભાગનો શુભારંભ



સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોનમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ માં આઈ.સી.સી.યુ. વિભાગનો શુભારંભ મા. મેયરશ્રી રણજીતભાઈ એમ. ગીલીટવાલા ના પ્રમુખ સ્થાને તથા રૂગ્ણાલય વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ ના અધ્યક્ષશ્રી પિયુષભાઈ શીવશકિતવાલાના વરદ હસ્તે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ વિવિધ રમત ગમત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૩–૦૭–૦૮ને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ ખાતે મેયર્સટીમે, કમિશનરર્સ ટીમ તથા પ્રેસટીમના સભ્યો વચ્ચે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રા. ટી.પી. સ્કીમ નં. ૩૫ (કતારગામ), ફા. પ્લોટ નં. ૮૫, રાજદિપ એપાર્ટમેન્ટની આગળનાં ભાગે, સીંગણપોર ચાર રસ્તાથી ડભોલી ચાર રસ્તા જતાં મમતા રેસ્ટોરન્ટ સામે આજે તા.૦૩/૦૭/૨૦૦૮ નાં રોજ ૧૨૦ ફુટનાં ટીપી રોડ પૈકીનાં અંદાજે ૧૯૦૦ ચો.ફૂટનો સ્થળ પર કબ્જો લઈ, રસ્તો ખુલ્લો કરવાની હાથ ધરવામાં આવેલ.

TOP

## સુરત મહાનગરપાલિકાનું ગૌરવ–સમગ્ર ભારતભરનાં તમામ સેન્ટરોમાંથી લેવાયેલ એલ.એસ.જી.ડી.ની પરિક્ષામાં પ્રથમ ક્રમ

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગર્વમેન્ટ, મુંબઈ દ્વારા સમગ્ર ભારતભરમાં વિવિધ સેન્ટરો ખાતે જાન્યુઆરી –૦૮ દરમ્યાન એલ.એસ.જી.ડી. પરીક્ષા લેવાયેલ હતી. જેમાં સુરત સેન્ટર માંથી સ્મીમેર હલસ્પીટલમાં લેબોરેટરી ટેકનીશીયન તરીકે ફરજ બજાવતા શ્રીમતિ પીપરમીંટવાલા વિતલ પ્રિયુક એ સમગ્ર ભારતભરનાં તમામ સેન્ટરોમાંથી લેવાયેલ એલ.એસ.જી.ડી.ની પરિક્ષામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી સોનેરી સિધ્ધિ પ્રાપ્ત કરી મહાનગરપાલિકાનું ગૌરવ વધારેલ છે.

ડે.કમિશનર(સ્પે.), એસ.એમ.સી. અને એડવાઈઝર, એ.આઈ.આઈ.એલ.એસ.જી. સુરતનાં શ્રીપી.જે.ઝાલાએ શ્રીમતિ પીપરમીંટવાલા વિતલ પ્રિયાંકને તેઓ જીવનમાં ઉતરોઉતર પ્રગતિ સાધે એવી શુભેચ્છા પાઠવી તેઓનું પુષ્પ ગુચ્છથી સન્માન કરવામાં આવેલ હતું.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ)ના ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૩૫ (કતારગામ), રે.સ.નં.૪૫/૧,ફા.પ્લોટ નં.૩૫ માં આવેલ ભુમિદર્શન સોસાયટીના સબ પ્લોટ નં.૩૦ માં મંજુર પ્લાન વિરુધ્ધનું ગ્રાઉન્ડ ફલોરનું બાંધકામ અંદાજે ૧૦૦ ચો.ફૂટનું આર.સી.સી. કોલમ તથા સ્લેબનું સેન્ટરીંગ શટરીંગ આજરોજ નોર્થઝોન (કતારગામ) ના શહેર વિકાસ તથા દબાણ ખાતાના સ્ટાફ દ્વારા દુર કરવામાં આવેલ છે.

- ટી.પી. સ્કીમ નં.૧૯ (કતારગામ), રે.સ.નં.૨૭૨,૨૭૩માં આવેલ રામનગર સોસાયટીના સબ પ્લોટ નં.૪૫,માં પ્રથમ માળે, સુરત મહાનગરપાલિકા ની પરવાનગી વગર ગેરકાયદે બાંધકામ કરવામાં આવતા, પ્રથમ માળનો ૧૫૦ ચો.ફૂટનો આર.સી.સી. સ્લેબ ચણતરની દિવાલો નું બાંધકામ દુર કરવામાં આવેલ છે.
- નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી ન્યુ કોસાડ રોડ પર આવેલ શિવાંજલી રો–હાઉસ ક્રોસીંગ મેઈન રોડ પર ૮ થી ૯ જેટલી સોસાયટીએ ડ્રેનેજ પાણી વરસાદી લાઈનમાં જવા દેતાં, વરસાદ પડવાથી રસ્તા પર પાણી ઉભરાયેલ હતું. જેથી યુધ્ધના ધોરણે સુઅર જેટીંગ મશીનથી ગટર લાઈન ની સફાઈ કરાવવામાં આવેલ તથા સ્થળ પર મિલ્કતદારોને ખાળકુવા નવા બનાવવા માટેની નોટિસની કાર્યવાહી કરી,રૂા. ૨૩,૫૦૦/– વહીવટી ચાર્જની વસુલાત કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના) ની કામગીરી

હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન સાઉથઝોન(ઉધના) ના નાગરિકોને આરોગ્ય વિષયક સેવા પુરી પાડી શકાય તેમજ નાગરિકોને સ્વાસ્થય સંબંધી સારવાર તેમજ તકેદારીનાં વિવિધ પગલાં અસરકારક રીતે અમલમાં મુકી શકાય તે માટે ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.એચ.સી.ભટ્ટ દ્વારા ઉધના મેડીકલ એસોસીએશનના હલદ્દેદારો તેમજ સભ્યો સાથે એક મિટીંગનું ઝોન કચેરી ખાત તા.૦૪/૦૭/૦૮ નાં રોજ આયોજન કરવામાં આવેલ. સદર મિટીંગમાં ઉધના મેડીકલ એસોસીએશનનાં સેક્રેટરી શ્રીમતિ જયોતિબેન સુરતમાં તેમજ અન્ય તબીબો ઉપસ્થિત રહયા હતા. હાલની પરિસ્થિતિને ભ્યાને લઈ સાઉથઝોન વિસ્તારમાં વિવિધ પ્રકારનાં કોમ્યુનિકેબલ ડીસીઝીસની માહિતી ઉપસ્થિત ડોકટરો દ્વારા વિગતવાર ઉપલબ્ધ કરાવવામાં આવે તો તેને અનુરૂપ જરૂરી રોગ અટકાયટનાં પગલાં અમલમાં મુકી નાગરિકોના સ્વાસ્થયને સુરક્ષિત કરવાનાં પ્રયાસો અસરકારક નીવડે તે બાબતે ખાસ ચર્ચા કરવામાં આવેલ, અને ઉપસ્થિત તબીબોએ આ બાબતે સહકાર આપવા ખાત્રી આપેલ.

ચોમાસા દરમ્યાન મેલેરિયાનાં દર્દીઓની સંખ્યા અંકુશમાં રાખવા માટે દર્દીઓને મેલેરિયા રોગ વિષે પ્રાથમિક માહિતી પૂરી પાડી સ્વ–બચાવ માટે માહિતગાર કરવામાં આવે તો મેલેરિયાનાં દર્દીઓની સંખ્યામાં મોટો ઘટાડો થઈ શકે છે.વધુમાં લોહીની તપાસ બાદ નિદાન થતાં મેલેરિયાના કેસોમાં રાષ્ટ્રીય માર્ગદર્શન મુજબની તબીબી સારવાર આપવામાં આવે તો મેલેરિયલ પેરેસાઈટ લોડમાં ઘટાડો થઈ શકે તેમજ એકજ દર્દીમાં મેલેરિયાનો ઉથલો મારવાની શકયતા ઘટાડી શકાય તે બાબતે ઉપસ્થિત તબીબીને નાયબ અધિકારીશ્રી તરફથી જાણકારી આપવામાં આવેલ અને દર્દીઓનાં હિતમાં રાષ્ટ્રીય નીતિ મુજબ મેલેરિયાની સારવાર કરવા ભારપૂર્વક અપીલ કરેલ.

બાયો–મેડીકલ વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ) રૂલ્સ ૧૯૯૮નો અસરકારક રીતે અમલ થઈ શકે તે માટે મહાનગરપાલિકા તરફથી એન્વાયરો એન્વીઝન એન્જીનિયરીંગ પ્રા.લી. મારફતે ઉપલબ્ધ કરાવવામં આવેલ છે. પ્રત્યેક હોસ્પિટલ, મેટરનીતિ હોમ્સ, લેબોરેટરીઝ તેમજ જનરલ પ્રેકટીશનરો આ સવલતોનો લાભ મેળવી કાયદાની જોગવાઈઓનો રસ લઈ અમલમાં મુકે એ બાબતે વિશેષ આગ્રહ કરવામાં આવેલ. જેથી કરી અમલીકરણમાં રહેલ ત્રુટિઓને દુર કરી શકાય અને ભવિષ્યમાં સુરત શહેર બાયોમેડીકલ વેસ્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે અગ્રીમ હરોળનું સ્થાન મેળવી શકે.

ઉપસ્થિત તબીબોએ નાગરિકોને ઉત્કૃષ્ટ સેવા મળે તે માટે જરૂરી તમામ યોગદાન કરવા તત્પરતા દર્શાવેલ.

TOP

## સેન્ટ્રલ ઝોન ની ડિમોલીશનની કામગીરી

સુરત શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં નીચે દર્શાવેલ ( મિલ્કતોમાં મંજુર પ્લાન વિરુધ્ધ / પરવાનગી વિગેરેના બાંધકામો અત્રેથી દુર કરવામાં આવેલ છે.

(૧) વોર્ડ નં.૯ નોંધ નં.૧૩૩૭ના મિલ્કતદાર શ્રી કેતનભાઈ એચ.શેઠ ધ્વારા પાર્કીગવાળા ભાગમાં બારી બારણાની ફ્રેમો મુકી ચણતરની દિવાલો લેવાનું શરૂ કરતા અત્રેથી સદર બાંધકામ દૂર કરી ૧૬૦.૦' ચો.ફુટ પાર્કીગ ખુલ્લુ કરવામાં આવેલ છે. તથા રૂા.૨૦૦૦/–ફી ડીમોલીશન ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

(૨) વોર્ડ નં.૧ નોંધ નં.૩૬૦૪/બ–૩૬૦૫/આર ના મિલ્કતદાર શ્રી અરશદ કાદર અબ્દુલ કાદર ધ્વારા પાર્કીગવાળા ભાગમાં ચણતરની દિવાલો લેવાનું શરૂ કરતાં અત્રેથી સદર દિવાલો દૂર કરી ૩૬૫.૦' ચો.ફુટ પાર્કીગ ખુલ્લુ કરાવવામાં આવેલ છે.

(૩) વોર્ડ નં.૩ નોંધ નં.૯૧૮,૯૮૮ ના મિલ્કતદાર શ્રી અબ્દેઅલી મુલ્લા ગુલામ હુસેન ધ્વારા પાર્કીગવાળા ભાગમાં ફલેટ બનાવવામાં આવતા બારી બારણા–તથા ચણતરની દિવાલો દૂર કરી ૨૬૯.૦' ચો.ફુટ પાર્કીગવાળા ભાગ ખુલ્લો કરવામાં આવેલ છે.

(૪) ટી.પી.–૨(નાનપુરા) ફા.પ્લોટ નં.૨૮,૩૦ પૈકી ફા.પ્લોટ નં.૩ નિકુંજ સોસાયટીના કબ્જેદાર શ્રી પંકજભાઈ આર.મહેતા ધ્વારા ત્રીજા માળે બનાવેલ રૂમનું આર.સી.સી.સ્લેબ સહિતનું ૧૫૦ ચો.ફુટ બાંધકામ દૂર કરવામાં આવેલ છે. તથા ડીમોલીશન ચાર્જ રૂા.૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૫) ટી.પી.–૨ (નાનપુરા) ફા.પ્લોટ નં.૨૮,૩૦ પૈકી પ્લોટ નં.૮ નિકુંજ સોસાયટીના કબ્જેદાર શ્રી હસમુખભાઈ ટી.ઘીવાળા ધ્વારા ત્રીજા માળે બનાવેલ રૂમનું આર.સી.સી.સ્લેબ સહિતનું ૨૧૫૦ ચો.ફુટ બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

(૬) ટી.પી.–૨(નાનપુરા) ફા.પ્લોટ નં.૨૮,૩૦ પૈકી પ્લોટ નં.૨૦ સ્વાતી સોસાયટીના કબ્જેદાર શ્રી રાજુલબેન ડી.જૈન ધ્વારા ત્રીજા માળે લેવામાં આવેલ આર.સી.સી.સ્લેબ સહિતનું ૩૦૦ ચો.ફુટ બાંધકામ દૂર કરવામાં આવેલ છે. તથા ડીમોલીશન પેટે રૂા.૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૭) વોર્ડ નં.૧૦ નોંધ નં.૧૯,૫૭ વાળી મિલ્કતદાર ઈન્દુબેન એચ.માંગુકિયા ધ્વારા પાર્કીગવાળા ભાગમાં ઓફિસ બનાવવાનું બાંધકામ કરતાં અત્રેથી સદર બાંધકામ દૂર કરી ૨૧૫.૦' ચો.ફુટ પાર્કીગ ખુલ્લુ કરવામાં આવેલ છે. તથા ડીમોલીશન ચાર્જ રૂા.૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ ખાતાના આસી.ઈજનેર/જુની.ઈજનેર તથા દબાણ સ્ટાફની મદદથી સફળતા પૂર્વક પાર પાડવામાં આવેલ છે.

TOP

## પૂર્વઝોન(વરાછા)ની ગેરકાયદેસર બાંધકામ બાબત

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન (વરાછા) માં નવા સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ મોજે સીમાડા બ્લોક નં. ૧૦૨/એ માં આવેલ ક્રિષ્નાપાર્ક સોસાયટી વિ.–૨માં સી.ઓ.પી.માં રહેઠાણના હેતુ માટે બે ગાળાનું આશરે ૯૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ભોયતળિયે આર.સી.સી.,કોલમ લઈ લીન્ટલ લેવલ સુધી ઈંટના ચણતરની દિવાલ નું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ જે અન્વયે કાયદેસર કાર્યવાહી હાથ ધરી મનાઈ હુકમ તથા કારણદર્શક નોટીસ આપવામાં આવેલ તેમ છતા આ નોટીસનો અમલ ન થતા આજરોજ એન્ટ્રી નોટીસ આપી સદર ૯૦૦ ચો.ફુટનું સી.ઓ.પી.માં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ અત્રેથી દૂર આવેલ અને સી.ઓ.પી. ખુલ્લુ કરાવવામાં આવેલ.

TOP

# સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ૠતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.જે મુજબ આજરોજ તાઃ૦૫/૦૭/૨૦૦૮ ના રોજ મોરાભાગળ સબ સેન્ટર, સુભાષબાગ પાસે, મોરાભાગળ, સુરત,ખાતે સવારે ૦૯–૩૦ કલાક થી બપોરે ૨ઃ૦૦ કલાક દરમ્યાન રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સ્થાયી સમિતી અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ,વિરોધપક્ષ નેતાશ્રી બાબુભાઈ કાપડીયા,રૂગ્ણાલય સમિતીના અધ્યક્ષશ્રી પીયુષભાઈ શિવશકિતવાળા,આરોગ્ય સમિતીના અધ્યક્ષશ્રી જયપ્રકાશ શાહ,રાંદેરઝોનના મ્યુ.સદસ્યશ્રી પ્રવિણભાઈ માળી, શ્રી મનહરભાઈ પટેલ,મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા,ડે.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલ, આરોગ્ય અધિકારીશ્રી ડો.હેમંત દેસાઈ,નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.વી.વી પરમાર,રાંદેર ઝોનના ઝોનલ ચીફ શ્રી એમ.ડી.દારૂવાલા,ઝોનલ ઓફીસર શ્રી.આર.વી.ગામીત, ઈન્ડીયન એકેડેમી ઓફ પીડીયાટ્રીક એસોસીએશનના પ્રમુખ ડો.દિગંત શાસ્ત્રી,આસી.આરોગ્ય અધિકારીશ્રી ડો.એ.પી.ભટ્ટ,રાંદેર શહેરી આરોગ્ય કેન્દ્રનાં મેડીકલ ઓફીસરો તથા પેરામેડીકલ સ્ટાફ હાજર રહયા હતા.

ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ)એ પ્રાસંગીક ઉદ્દબોધન કરી સર્વે આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ.આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળા અટકાત બાબતે કરવામાં આવતી વિવિધ કામગીરીઓ તથા મેડીકલ કેમ્પોનાં આયોજન બાબની માહીતી આપી હતી.'' નિરોગી બાળ વર્ષ–૨૦૦૮ ''નિમિત્તે પાંચ વર્ષ સુધીનાં બાળકો તથા માતાઓને વર્ષ દરમ્યાન વિના–મૂલ્યે સારવાર આપવામાં આવશે જેનો લાભ લેવા જણાવવામાં આવ્યું હતું.

ઈન્ડીયન એકેડેમી ઓફ પીડીયાટ્રીક એસોસીએશનના પ્રમુખ ડો.દિગંત શાસ્ત્રીએ પોતાના પ્રવચનમાં જણાવ્યુ હતું કે નિરોગી બાળ વર્ષ ૨૦૦૮ ઉજવવાનું નકકી કર્યુ એ ઘણી સારી બાબત છે. અમે એસોસીએશનના સભ્યો સુરત મહાનગરપાલિકા સાથે સંકળાયેલા છે અને ચાલુ વર્ષ દરમ્યાન સુરત મહાનગરપાલિકા દ્વારા ''નિરોગી બાળ વર્ષ'' ના તમામ કાર્યક્રમોમાં અમારો પુરેપુરો સહકાર રહેશે. સુરત શહેરમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન સુરત મહાનગરપાલિકાની આરોગ્ય લક્ષી કામગીરી સારી હોવાનું સુચવે છે.

આરોગ્ય સમિતીના અધ્યક્ષશ્રી જયપ્રકાશ શાહે પ્રિવેન્શન ઈઝ બેટર ધેન કયોર મુજબ દરેક વ્યકિતએ પોતાનાં સ્વાસ્થ્ય માટે કાળજી રાખવી જોઈએ. લોકો સ્વસ્થ હશે તો સમાજ સ્વસ્થ હશે, સમાજ સ્વસ્થ હશે તો રાષ્ટ્ર સ્વસ્થ હશે. આ કેમ્પ દ્વારા સમાજનાં અને છેવાડાનાં ગરીબ નાગરીકોને આરોગ્ય વિષયક સેવાઓ ઉલબ્ધ થઈ છે. શહેરી વિસ્તારમાં સફાઈનું ધોરણ સુધરવાથી તથા નાગરીકો સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થતા છેલ્લા વર્ષોમાં જે રોગચાળાનું પ્રમાણ વધુ જોવા મળેલ તે હાલની પરિસ્થિતિમાં ઘણુંજ ઓછુ જોવા મળેલ છે. જે ઘણી ગૌરવની વાત છે. નાગરીકોને આવા કેમ્પોની જાણકારી થાય તે માટે પ્રચાર / પ્રસાર માધ્યમોનો વધુને વધુ ઉપયોગ કરવો જોઈએ.

મ્યુ.કમિશ્નરશ્રી કુ. એસ. અપર્ણાએ પ્રાસંગિક પ્રવચનમાં શહેરના નાગરીકોના વિવિધ આરોગ્ય વિષયક સેવાઓ ઉપલબ્ધ થઈ શકે તે માટે મહાનગરપાલિકા મારફતે કરવામાં આવતી કામગીરી/આયોજનની માહિતી આપી હતી તથા નાગરીકોને પોતાના વિસ્તારમાં સ્વચ્છતા રાખી મહાનગરપાલિકાને સહકાર આપવા અનુરોધ

કર્યો હતો. ગત વર્ષે '' નિર્મળ ગુજરાત – ૨૦૦૭ '' વર્ષ તરીકે ઉજવેલ ચાલુ વર્ષ '' નિરોગી બાળ વર્ષ – ૨૦૦૮ '' તરીકે ઉજવવાનું નકકી કરેલ છે જે ઘણીજ સારી બાબત છે.માતા અને બાળકનાં સ્વાસ્થ્યની ખાસ કાળજી રાખવાનો અનુરોધ કર્યો હતો.ગત વર્ષે પણ આવા મેડીકલ કેમ્પોનું આયોજન કરી ગરીબ / સ્લમ વિસ્તારનાં લાભાર્થીઓએ વિના મૂલ્યે નિદાન / સારવારનો લાભ લીધો હતો. ચાલુ વર્ષે ગત વર્ષ કરતા પણ વધુ કેમ્પો યોજી વિવિધ મેડીકલ અસોસીએશન તથા સ્મીમેર હોસ્પીટલનાં વિવિધ વિભાગનાં તજજ્ઞોની સેવાઓ મેળવી નિદાન / સારવાર આપવા માટેનુ આયોજન કરેલ છે.સ્લમ વિસ્તારનાં નાગરીકો વધુમાં વધુ લાભ લઈ શકે તથા તેમનું આરોગ્ય જળવાય રહે તે માટે આવા મેડીકલ કેમ્પોનું આયોજન કરવામાં આવેલ છે.

સ્થાયી સમિતી અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે પ્રાસંગિક પ્રવચનમાં શહેરના ગરીબ નાગરિકોની તંદુરસ્તી જળવાય તે હેતુસર આવા મેડીકલ કેમ્પના આયોજન કરવામાં આવે છે જેનો ગરીબ/સ્લમ વિસ્તારના નાગરીકોને બહોળા પ્રમાણમાં લાભ મળી રહે તેવું આયોજન કરેલ છે.જે ખુબજ સારૂ છે.છેલ્લા ઘણા વર્ષોથી પ્રિમોન્સુન ની કામગીરીના કારણે રોગચાળાનું પ્રમાણ ખુબ જ ઓછુ જોવા મળે છે.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞો મેડીસીન વિભાગના વડા ડો. વંદના ધનગર,સર્જરી વિભાગના ડો.રાકેશ કુમાર,બાળરોગ વિભાગનાં ડો.સેન ગુપ્તા,સ્ત્રીરોગ વિભાગનાં ડો.ઠાકોર,આંખ રોગના નિષ્ણાંત ડો.સેજલ દેસાઈ,ચર્મ વિભાગના ડો.જીજ્ઞેશ વૈશનાની,ઈન્ડીયન પિડિયાટ્રીક એસોસીએશનના પ્રતિનિધિઓ,રાંદેર શહેરી આરોગ્ય કેન્દ્રોના મેડીકલ ઓફિસરોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી.

મેડીકલ કેમ્પનો રાંદેર અને તેની આસપાસ વિસ્તારના ૪૫૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૫૪,ચામડીના નિષ્ણાત દ્વારા ૭૭,સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૩૦, બાળરોગ નિષ્ણાત દ્વારા ૫૭, ફિઝીશ્યન દ્વારા ૨૩૦,અને સર્જન દ્વારા ૦૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા ૧૨૮ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા. ૭૫ ઓ.આર.એસ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૫૯ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ, નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

આ મેડીકલ કેમ્પના સ્થળે વેકસીનેશન વિભાગ,વાહકજનિક રોગ નિયંત્રણ, કુટુંબ કલ્યાણ ,પી.એસ.એચ તથા આર.એન.ટી.સી.પી. વિભાગ દ્વારા પાણી જન્ય ,પાણી સંલગ્ન ,એઈડઝ,ટી.બી., મેલેરીયા વિ.રોગ વિષેના પોષ્ટરો,બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યુ હતુ તેમજ પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૮૦૦૦,પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.વાહકજનિક રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૪૭૦,ઓરલ પીલ્સ ૪ પેકેટ વિતરણ કરી કોપર–ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી તથા ૩૦૦૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૪૫ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૨૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત વિવિધ ઝોનમાં શહેરી આરોગ્ય કેન્દ્રો દ્વારા હળપતિવાસ નાના વરાછા,ફુલવાડી ભરીમાતા વિસ્તારમાં કરવામાં આવેલ કેમ્પોમાં ૨૨૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિ.) ડો. આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો. હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધ :–** આગામી વિના મુલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ ૧૨/૦૭/૦૮ના રોજ કતારગામ શહેરી આરોગ્ય કેન્દ્ર,બાલાશ્રમ પાસે,કતારગામ રોડ ખાતે રાખવામાં આવેલ છે.જેનો સુરત શહેરના તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

**TOP**

## સ્મીમેર હોસ્પિટલની જુન માસની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં જુન માસ દરમ્યાન ૧૧૨૦૧ ઈન્ડોર તથા ૩૯૭૦૫ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૫૯૫ તથા ૪૯૫ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૫૯૯૯ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી. બી. ના નવા ૪૦૭ અને જુના ૪૯૫ દર્દીઓ સહીત કુલ–૯૦૨ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૮૭૫ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૦૫૫ તથા આંખ વિભાગમાં ૨૬૭૫ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ–૧૧૩૦૬ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકા–આરોગ્ય વિભાગની કામગીરી

સુરત શહેર વિસ્તારમાં આવેલ ખાદ્ય પ્રદાર્થોનું ઉત્પાદન કરતી, સંગ્રહ કરતી કે વેચાણ કરતી સંસ્થાઓની અત્રેના ફુડ ઈન્સ્પેકટરો દ્વારા નિયમિત રીતે તપાસ કરવામાં આવે છે અને ખાદ્ય પ્રદાર્થોનાં નમુના લઈ પૃથ્થકરણ સારુ પબ્લીક એનાલીસ્ટશ્રી, સુરત મહાનગરપાલિકાને મોકલી આપવામાં આવે છે. પબ્લીક એનાલીસ્ટશ્રી રીપોર્ટ મુજબ જો કોઈ નમુનો ભેળસેળ અથવા મીસ બ્રાન્ડેડ આર્ટીકલ ઓફ ફુડ જાહેર થાય તો આવા નમુના ના જવાબદાર ઈસમો સામે કોર્ટ માં પી.એફ.એ. એકટ હેઠળ ફરીયાદ દાખલ કરવામાં આવે છે.

હોટલ –રેસ્ટોરન્ટનાં ચેકીંગ દરમ્યાન જો કોઈ આરોગ્યલક્ષી ખામી જણાય તો નોટીસ આપવામાં આવે છે તથા અખાદ્ય પ્રદાર્થોનો નાશ કરાવવામાં આવે છે. ચાલુ વર્ષ નાં જુન માસ સુધીમાં ૧૦૨૩ નમુના લેવામાં આવ્યા જેમાં ૧૧ નમુના નાપાસ થયા હતા તેમજ ૨૦ કેસ કોર્ટમાં દાખલ કરવામાં આવ્યા. ૬ કેસમાં કોર્ટમાં સજા /દંડ કરવામાં આવેલ.

૧૭૮૨ સંસ્થાઓ તથા ૧૩૭૫ લારીઓ ચેક કરવામાં આવી. ૩૫૨ સંસ્થા /ઈસમો ને નોટીસ આપવામાં આવી. ૧૫૫૩ કિ.ગ્રા. અખાદ્ય પ્રદાર્થોનો નાશ કરવામાં આવ્યો.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોનમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ માં આઈ.સી.સી.યુ. વિભાગનો શુભારંભ



સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોનમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ માં આઈ.સી.સી.યુ. વિભાગનો શુભારંભ મા. મેયરશ્રી રણજીતભાઈ એમ. ગીલીટવાલા ના પ્રમુખ સ્થાને તથા રૂગ્ણાલય વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ ના અધ્યક્ષશ્રી પિયુષભાઈ શીવશકિતવાલાના વરદ હસ્તે તા. ૧૦/૦૭/૨૦૦૮ના રોજ સંપન્ન કરવામાં આવ્યો હતો.

સને – ૧૮૬૪ માં સુરત શહેરમાં કોલેરાનો ઉપદ્રવ થતાં તે સમયના કલેકટરશ્રીની સુરતના દાતાઓને કરેલ જાહેર વિનંતી સંદર્ભે તે સમયે પારસી દાતા શ્રી ખુરશેદજી પારેખ ના ઉદાર દાનથી " સી.એફ.પારેખ ડીસ્પેન્સરી" ની સુરત ખાતે સને– ૧૮૬૪ માં શરૂઆત થઈ હતી. શહેરના વિકાસ સાથે વધતી જતી વસ્તીને કારણે શહેરીજનોને, તબીબી સેવાની જરૂરિયાત મુજબ " સી.એફ.પારેખ ડીસ્પેન્સરી " નો પણ વખતો વખત વિકાસ થતો રહયો અને આજે એ ડીસ્પેન્સરી ૧૨૦ બેડ સાથેની વિવિધ વિભાગો/ વોર્ડ ધરાવતી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ તરીકે શહેરીજનોની તબીબી સેવા માટે ઉપલબ્ધ છે.

મસ્કતિ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ સેવાઓમાં ૨૪ કલાક ઈમર્જન્સી વિભાગ, સર્જીકલ વિભાગ, મેડીકલ વિભાગ, ઓર્થોપેડીક વિભાગ, કાન–નાક–ગળા વિભાગ, દાંત વિભાગ, આંખ વિભાગ, એક્ષ–રે વિભાગ, ફિઝીયોથેરાપી વિભાગ, રસીકરણ વિભાગ, ફેમીલી પ્લાનિંગ વિભાગ, લેબોરેટરી, ડાયાલીસીસ યુનિટ, સ્કીન વિભાગ, ઓપરેશન થીયેટર, ન્યુરો સર્જરી વિભાગ, સ્પીચ/ઓડીયોમેટ્રી વિભાગની સેવાઓ ઉપલબ્ધ છે. આ વિવિધ વિભાગોમાં અનુભવી મેડીકલ તથા પેરામેડીકલ સ્ટાફ ૨૪ કલાક કાર્યરત છે. ૩ મેજર ઓપરેશન થીયેટર તથા ઈમર્જન્સી માયનોર ઓ.ટી.ની સુવિધા ઉપલબ્ધ છે.ઉપરાંત વિવિધ વિભાગમાં માનદ્ર ફિઝીશ્યનો અને માનદ્ર સર્જનો મળી કુલ–૩૩ ડોંકટરો સેવા આપે છે.જાન્યુઆરી–૦૮ થી જુન–૦૮ દરમ્યાન વિવિધ વિભાગોમાં ઈનડોર અને આઉટડોર પેશન્ટો મળી કુલ–૪૮૧૦૪ દર્દીઓએ આ તબીબી સેવાઓનો લાભ લીધેલ છે. અત્રે મસ્કતિ હોસ્પિટલ ખાતે બે ડાયાલીસીસ મશીન દ્વારા ડાયાલીસીસની સારવાર આપવામાં આવે છે. સર્જીકલ વિભાગમાં પ્લાસ્ટીક સર્જરીની સેવા પણ ઉપલબ્ધ છે. વધુમાં સ્પીચ/ ઓડીયોમેટ્રી થેરાપીની સુવિધા કે જેમાં કાનની બહેરાશ અને બોલવાની તકલીફ ધરાવતા દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવે છે.

ઉપર મુજબની વિવિધ સુવિધા ઉપરાંત આજે તા. ૧૦/૦૭/૨૦૦૮ના રોજ મસ્કતિ હોસ્પિટલ ખાતે ૪ બેડ **આઈ.સી.સી.યુ.**, ૪ બેડ **આઈ.સી.યુ.** તથા ૨ **સ્પે. એ.સી.રૂમ**ની સુવિધા સહિતનો અદ્યતન સાધનો સાથેનો વિભાગ જાહેર જનતાની સેવા માટે શરૂ કરવામાં આવશે. આ વિભાગમાં વેન્ટીલેટર, કાર્ડિયાક મોનીટરીંગ સીસ્ટમ, ડીફીબ્રીલેટર, પલ્સ ઓકસીમીટર, સેન્ટ્રલ ઓકિસજન સીસ્ટમ જેવી સુવિધાઓથી હદય રોગના તથા અન્ય ગંભીર દર્દીઓને સારવાર આપવામાં આવશે.

આ પ્રસંગે આમંત્રિત મહાનુભાવો ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારી ગણ તથા વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી આ કર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ વિવિધ રમત ગમત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૩–૦૭–૦૮ને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ ખાતે મેયર્સટીમે, કમિશનરર્સ ટીમ તથા પ્રેસટીમના સભ્યો વચ્ચે વોલીબોલ, ટેબલ ટેનિસ અને બેડમિનટન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકો /ખેલાડી તથા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP